રાજકોટના મહે. ૭ માં અધિક જયુડી. મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં,

ફોજદારી કેસ નં.731 /24
આંક:

શ્રી સરકાર ફરિયાદી

વી.

(1) રોહન અતુલભાઇ ધીચાડ

આરોપીઓ

ગુન્હો :– આઈપીસી ની કલમ 283 મુજબ

– ચુકાદો –

સદર કામનુ રેકર્ડ આજરોજ વચાણે લીધુ. આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ – ૨૮૩ મુજબનો ગુનો નોંધાયેલ. તપાસના અંતે આરોપી સામે હાલનો ચાર્જશીટ રજુ થતાં ઉપરોક્ત ગુના સબબ આરોપીને સમન્સ ઈશ્યુ કરતા, સમન્સની બજવણી થતાં, આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ ભારતીય ફોજદારી ધારાની કલમ ૨૦૭ મુજબ વિના મુલ્યે આપવામાં આવેલ છે અને તેઓને મજકુર ગુના અંગે પુછી પ્લી રેકર્ડ કરતા, તેઓને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. અદાલત તરફથી તેઓને જણાવવામાં આવેલ છે કે, તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને જો તેઓ પોતાના ખર્ચે વકીલ રોકી શકે તેમ ન હોય તો સરકાર તરફથી વકીલ મળી શકે તેમ છે અને તેઓ પોતાનો બચાવ કરી શકે તેમ છે. ત્યારબાદ પણ આરોપી પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ અને તે અંગે પોતાની સહીથી કબુલાત પુરસીશ આપેલ છે.

આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, તેઓ ખુબ જ ગરીબ વર્ગના છે. તેઓના

ઘરમાં પોતાના સિવાય કોઈ પણ ઈસમ કમાનાર નથી. હવે પછી ક્યારેય તેઓ કોઈપણ પ્રકારનો ગુનો કરશે નહી તેમનાથી અજાણતા ગુનો થઈ ગયેલ છે. તેથી ભવિષ્યમાં આવો ગુનો ન બને તેવી ખાત્રી અને ભરોસો આપી, દયાભાવ રાખી ઓછી સજા કરવા અરજ ગુજારેલ છે.

આરોપીને તેમની કબુલાત તેમની વિરુદ્ધ પુરાવો ગણાશે તેમજ સદર ગુના સબબ આરોપીને મહત્તમ કેટલી સજા થઈ શકે છે તેની પણ સ્પષ્ટ સમજ આપાવ છતાં પણ આરોપી ગુનો કબુલ કરવા માંગતા હોઈ આરોપી તરફે રજુ થયેલ ઉપરોક્ત ગુન્હા કબુલાત પુરશીસ સ્વૈચ્છીક જણાય છે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે

: હુકમ :

(1)આ કામના આરોપીને ઈ.પી.કો. કલમ – ૨૮૩ મુજબના ગુના સબબ તકસીર ઠરાવી. પ્રત્યેક આરોપીને મજકુર ગુના સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા (૧૦૦/– ( અંકે રૂપીયા સો પુરો/–) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરવામાં આવે તો આરોપીએ દિન – 3(ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(2)મુદ્દામાલ પરત આપવા સારૂ વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો, આથી તે હુકમ બિન શરતી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા 22/06/24 ના રોજ ખુલ્લી અદાલતામાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Rajkot
22/06/24

Rutvij Falgubhai Trivedi
9 add.JMFC
UIC NO GJ01748